રાજયની માન્ય અનુદાનિત ખાનગી પ્રાથમિક
શાળાના શિક્ષકોને સાતમા પગાર પંચ મુજબ
સુધારેલા પગાર ધોરણના તફાવતની રકમ
ચુકવવા આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
હુકમ ક્રમાંકઃ-ખપશ/૧૦૨૦૧૬/૫૬૨૩૪૬/ચ
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ-૨૪/૧૨/૨૦૨૧

વંચાણે લીધા-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૦/૦૯/૨૦૧૭નો સમાનાંકી ઠરાવ.

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરનો તા.૦૮/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃપ્રાશિનિ/ખ.૨/સાતમુંપગાર પે/૨૦૨૧/૧૧૧.

આમુખ-

રાજયની માન્ય સહાયક અનુદાન મેળવતી ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને ગુજરાત મુલ્કી સેવા પગાર સુધારણા અન્વયે સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણો પ્રમાણે સુધારેલ પગાર ધોરણ શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક-૧ સામે દર્શાવેલ ઠરાવથી મંજૂર કરવામાં આવેલ છે. આ ઠરાવની શરત-(૫) મુજબ ખરેખર પગાર સુધારણા તા.૦૧/૦૮/૨૦૧૭ એટલે કે ઓગષ્ટ-૨૦૧૭ પેઇડ ઇન સપ્ટેમબરથી મળવાપાત્ર થયેલ. જેથી સાતમા પગાર પંચ મુજબ તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ સુધીના સમયગાળાના પગાર તફાવતની રકમ રૂ.૨૫૭૭.૯૦/- લાખ ચુકવવા અંગેની પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની વંચાણે લીધા ક્રમાંક-૨ થી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

હુકમ:-

પુખ્ત વિચારણાને અંતે રાજયની માન્ય અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને સાતમા પગાર પંચ અન્વયે પગાર તફાવતની ચુકવવાપાત્ર રકમ રૂ.૨૫૭૭.૯૦/- લાખ પાંચ (૦૫) સરખા હપ્તામાં, એટલે કે (૧) પ્રથમ હપ્તો જાન્યુઆરી-૨૦૨૨ માસના પગાર સાથે, (૨) બીજો હપ્તો એપ્રિલ-૨૦૨૨ માસના પગાર સાથે, (૩) ત્રીજો હપ્તો જુલાઇ-૨૦૨૨ માસના પગાર સાથે, (૪) ચોથો હપ્તો ઓક્ટોમ્બર-૨૦૨૨ માસના પગાર સાથે તથા (૫) પાંચમો અને અંતિમ હપ્તો જાન્યુઆરી-૨૦૨૩ માસના પગાર સાથે ચુકવવા મંજૂરી આપવામાં આવે છે.

૨. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૦/૧૨/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી.રાઠવા)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રા.શિ.અને મા.શિ.), શિક્ષણ વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળની કચેરી (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત)
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઈલ
- સિલેકટ ફાઈલ